જાગુષ્ટે પુસ્તકાલયનું

ચૈત્રી સંવત

૧૯૬૮ નું ભવિષ્યફળ.

જેમાં

રૂ, સૂતર, અફીણ, ચાંદી, ઘઉં, અળસી, સરસવ, તલ, તેલ, ઘી, ગોળ, વગેરે દરેક વસ્તુની તેજી મંદી તથા સુકાળ દુકાળનો નિર્ણય કર્યો છે.

પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

મૂલ્ય દોઢ આનો.

વેપારીઓને સૂચના.

સટ્ટો આજકાલ સઘળે સ્થળે પ્રસરી ગયો છે. તે એક જાતનો જુગારી વ્યાપાર છે તેની ના કહી શકશે નહિ. તે ન કરાય તો વધારે સારૂં, તોપણ તેઓનો જીવ તેમાંજ ખૂંચી રહ્યો છે, તેમને તેના વિના ચેન પડવું દુર્લભ છે.। એટલે અહીં સટોરીઆઓને થોડી સૂચના આપવી જરૂરી છે. સટ્ટો કરનારે તેની સાલ, કરવાની રીત, બજારના ઢંગ વગેરે પર સારી રીતે ધ્યાન આપવું જોઇએ, કેવળ શ્રદ્ધાને ભરોસે રહેનાર અને પરમેશ્વર પેદા કરાવશે તો કરીશું એમ માનીને વેપાર કરનાર પોતાનેજ નુકસાન કરે છે. અમેરિકાવાળાઓ માને છે કે સટ્ટાથી પોતાને લાભ છે. તેઓ પોતાના દેશમાં ઉત્પન્ન થનાર રૂ જેવી ચીજો ઉપર સટ્ટો ખેલે છે અને મોટે ભાગે તેઓ પોતાની મરજી મુજબ તેની ઘટવધ કરી શકે છે; ત્યારે આપણે મોટે ભાગે ચાંદી જેવી પરદેશી ચીજ ઉપર સટ્ટો ખેલીએ છીએ એટલે તેના ભાવની વધઘટની બાબતમાં આપણે પરતંત્ર છીએ. ઇંગ્લંડના બજાર ભાવ ઉપર આપણને આધાર રાખવો પડે છે. આ કારણથી તેવી ચીજોનો સટ્ટો ખેલતાં મુખ્યત્વે કરીને બજાર ભાવ ઉપર સૌથી વધારે લક્ષ આપવું જોઇએ. બજારમાં થોડી થોડી વારમાં ભાવમાં ઘટવધ થતી રહેતી હોય ત્યારે ખાસ કરીને વેપાર બંધ કરવો તે સલાહભરેલું છે. સ્થિર તેજી મંદી ઉપર બજાર ભાવ કેવા રહેશે તેનું અનુમાન ઠીક કરી શકાય છે અને ભવિષ્યફળ પણ મોટે ભાગે તે પ્રકારની સ્થાયી તેજી મંદી દર્શાવે છે: ક્ષણે ક્ષણે બદલાતા ભાવો તે દર્શાવતું નથી.

તેજી મંદીની બાબતમાં ખાસ ધ્યાનમાં રાખવું કે નાના નાના યોગોનું ફળ તેજી મંદી કરનારના વકને અધીન છે. તેજીના

વક્રમાં જેવું ફળ તેજીના યોગોનું મળે છે તેવું મંદીના યોગોનું મળતું નથી, અને જો મળે છે તો તે વધારે વખત ટકતું નથી. તેમજ મંદીના વક્રમાં પણ જેવું ફળ મંદીના યોગોનું મળે છે તેવું તેજીના યોગોનું મળતું નથી અને જો મળે છે તો તે વધારે વખત ટકતું નથી. એ કારણથી બજારના વક્ર–વલણ ઉપર પણ ધ્યાન રાખવાની જરૂર છે.

દુકાળ–સુકાળની બાબત ઉપર આવતાં જાણવું જોઇએ કે ધાન્યાદિ પ્રત્યેક વસ્તુનો સુકાળ થવાથી મંદી અને દુકાળ થવાથી તેજી થાય છે, પરન્તુ જેટલી મંદી અથવા તેજી સંવતના આધારપર હોવાથી થાય છે તે અનુમાને ભાદરવા સુદ ૧૫ થી આસો વદ ૩૦) સુધીમાંજ થઇ જાય છે. ત્યાર પછી એવી મંદી અથવા તેજી બહુધા થતી નથી, કારણકે સુકાળ દુકાળનું પૂરતું અનુમાન તેજ દિવસોમાં થાય છે.

ઉનાળુ અનાજોની બાબતમાં પણ થોડું લક્ષ રાખવાનું છે. ફાગણ મહિનામાં ખેતરાંમાં પાક બહુ સારો દેખાતો હોવાથી પેદાશની આશા બહુ વધી જાય છે જેથી ભાવ મંદા થઇ જાય છે અને ચૈતર મહિનામાં જ્યારે કાપણી થાય છે ત્યારે પેદાશ ઓછી દેખાતાં ભાવ તેજ થઇ જાય છે. તેથી ફાગણમાં ખરીદી કરવાથી અને ચૈતરમાં વેચવાથી બહુધા લાભજ થાય છે.

લી.

એક જ્યોતિષી.

ચૈત્રી સંવત્

૧૯૯૮ નું ભવિષ્યફળ.

ભવાની વાક્ય.

आठों दिशा अडसठो प्रजा होसी नीत,
राजांसु सुख उपजे प्रेम वधंती प्रीत,
गउ विप्र पूजा होवसी अधकी वधसी रीत.

રૂધિરોદ્ગારિ સંવત્સર.

धान्यनाशः स्वल्प वर्षा नृपाणां दारुणोरणः ।
तस्करा बहुलारोगा रुधिरोद्गारि वत्सरे ॥

અર્થ—વરસાદ કમી, ખેતીનો નાશ, પહેલાં ધાન્યનો ભાવ તેજ, રાજાઓમાં પરસ્પર વૈરભાવ, ચોરોની વૃદ્ધિ, રોગોનો ઉપદ્રવ, અને વેપારીઓને પહેલાં તો લાભ થશે પણ પાછળથી કાંઈક હાનિ થશે. આ ફળ શ્રાવણ માસ સુધી રહેશે અને પછી ભાદરવા વદમાં રક્તાક્ષિ નામનો સંવત્સર આવી જવાથી તેનું ફળ મળશે.

રક્તાક્ષિ સંવત્સર.

प्रभूत सस्यं प्रचुराश्च रोगा नृपा प्रजानामहितोद्यतास्युः ॥
रक्ताक्षिवर्षे जनता समस्ता चौरेति भीता कुलितामहर्थैः ॥

અર્થ—રક્તાક્ષિ સંવત્સરમાં વરસાદ વધારે, ખેતીની વૃદ્ધિ, પરન્તુ રોગાદિના ઉપદ્રવથી ખેતીમાંનું ધાન્ય લાવવામાં બહુ વિલંબ થશે એટલે ધાન્યનો ભાવ અન્તે મંદો થશે.

તિથિઓ સંબંધે સૂચના.

આ ભવિષ્યફળ **ચૈત્રી** સંવત્ મુજબનું છે, અને મહિનાનો હિસાબ **પુનમીયા મહિના** પ્રમાણે રાખ્યો છે, એટલે તેનું સુદી પક્ષ તો ગુજરાતી સુદી પક્ષ પ્રમાણે બરાબર મળશે, પણ વદી પક્ષમાં એક માસ આગળ ગણાતો રહેશે. અર્થાત્ ચૈત્ર માસનું સુદી પક્ષ બરાબર છે, પણ ગુજરાતમાં **ચૈત્ર માસનું** વદી પક્ષ જેને કહે છે તેને પુનમિયા મહિનાવાળાઓ **વૈશાખ** માસનું વદી પક્ષ કહે છે. એજ મુજબ સઘળા મહિનામાં સમજવું, જેઓ આ પણ સમજી શકે નહિ તેમણે તિથિની સાથે આપેલી તારીખોપર આધાર રાખવો.

ચૈત્ર માસ–સુદી પક્ષ.

સુદ ૧. તા. ૩૧ મી માર્ચ શુક્રવાર—આ વર્ષમાં વરસાદ કેટલેક ઠેકાણે પહેલાં વધારે થશે અને કેટલેક ઠેકાણે પાછળથી વધારે થશે. તેથી શિયાળામાં ઉત્પન્ન થનારાં ધાન્યોની પેદાશ ઓછી થશે. પરંતુ ઉનાળાનાં ધાન્યોની પેદાશ વધારે થશે. બદામ, પસ્તાં, ખારેક, નાળીયેર, વગેરેની પેદાશ વધારે, ગાયોનું દૂધ વધારે, સ્ત્રીપુરૂષોમાં પ્રીતિ વધારે, રાજા પ્રજા સુખી, વ્યાપારની વૃદ્ધિ ઘણી, અને ધાન્યનો ભાવ સાધારણ એટલે પહેલાં તેજ થઇને છેવટે મંદો થશે; તોપણ સં. ૧૯૬૭ ના વર્ષ કરતાં આ વર્ષમાં ધાન્યનો ભાવ કાંઇજ તેજ થાય. નક્ષત્ર રેવતી હોવાથી વર્ષા શ્રેષ્ઠ અને અધિક થશે. અશ્વિનીપર શુભ હોવાથી ૯ દિવસમાં ઘઉં, જવ, ચણા, અળસી વગેરેનો ભાવ

તેજ થાય અને ગોળ, ખાંડ, દૂધ ઘી વગેરે રસોનો ભાવ મંદો થાય. મેષનો બુધ હોવાથી ૨૪ દિવસમાં પશુઓનો ભાવ તેજ થાય, સોનાનો ભાવ સાધારણ, વરસાદ પણ સાધારણ અને અફીણ, ચાંદી, રૂ, અળસી વગેરેમાં વધઘટ થાય. ચંદ્ર ઉદય મેષ રાશીમાં હોવાથી આ પખવાડીયામાં જવ, ચણા, અળસી વગેરેનો ભાવ તેજ થાય. શુક્રવાર હોવાથી અફીણમાં રૂા. ૫૦ તેજ અને રૂ તથા ચાંદી પહેલાં કાંઇક મંદી થઇને પછી તેજી થાય.

ચૈત્ર સુદી ૫-૬. તા. ૪ થી માર્ચ—તિથિ ક્ષય હોવાથી ૩ દિવસમાં અફીણમાં ફેરફાર ન થાય પરંતુ ચાંદીમાં વધારે ફેરફાર થાય.

ચૈત્ર સુદી ૭. તા. ૫ મી એપ્રિલ—ધનિષ્ઠાનો મંગળ હોવાથી ૧૮ દિવસમાં ધાન્યમાં, ગોળ, ખાંડ, વગેરેમાં મંદી થાય પરન્તુ ઘઉંમાં કાંઇક તેજી થાય. ૨૫ દિવસમાં સરસવ, તલ, તેલ, ઘી, ગોળ, જુવાર, ઘઉં, વાવડીંગ, હળદર, દ્રાક્ષ, સુંઠ, મરચાં, પીપર, લોઢું, સુતર વગેરેનો ભાવ તેજ થાય.

ચૈત્ર સુદી ૯. તા. ૭ મી એપ્રિલ—કૃતિકાનો શુક્ર હોવાથી ૧૧ દિવસમાં સરસવ તથા અડદનો ભાવ તેજ થાય અને કોઈ સ્થળે રોગાદિનો ઉપદ્રવ થાય. ભરણીનો બુધ હોવાથી ૧૨ દિવસમાં હાથીઓને પીડા, ચાંડાલોને કષ્ટ થાય, લોકોમાં વૈરબુદ્ધિ અને ધાન્યાદિ વસ્તુઓનો ભાવ તેજ થાય. આ દિવસે પવન, વાદળાં, આંધી, વગેરે થાય તો જુવાર ખરીદીને ચોથે મહિને વેચવાથી લાભ થાય.

ચૈત્ર સુદી ૯. તા. ૧૦ મી એપ્રિલ—રૂપનો શુક્ર હોવાથી ૨૫ દિવસમાં ધાન્યનો ભાવ તેજ અને આવરેજના અફીણનો ભાવ કાંઇક તેજ અને ચાંદીમાં કાંઇક મંદી થાય.

ચૈત્ર સુદી ૧૫. તા. ૧૩ મી એપ્રિલ—એક માસમાં રૂ, રત્ન, ઘાસ, એરંડીયું, તેલ, ગોળ, ખાંડ અને જાયફળ વગેરેનો ભાવ તેજ થાય. ક્ષત્રિયો તથા સિપાઇઓને પીડા થાય.

આ માસમાં ધાન્યનો નાશ અને ભાવ તેજ થાય; રૂ બહુજ તેજ થાય અને અળસી, સરસવ વગેરેમાં વધારે ફેરફાર થાય. ૪૦ દિવસમાં ઘાસનો ભાવ તેજ થાય અને રાજા તથા પ્રજા આનંદમાં રહે, આવરેજ તથા માળવી અફીણમાં પહેલાં રૂા. ૧૦૦ ની મંદી થાય અને છેવટે પાછી તેજી થાય. આ કુંભના મંગળનું ફળ સમજવું.

વૈશાખ માસ.

આ માસમાં પાંચ શુક્ર તથા શનિવાર હોવાથી રૂ, અફીણ, અળસી, અને ચાંદીમાં વધઘટ થાય અને દુનિયામાં ક્યાંક રોગોની શાંતિ તથા ક્યાંક ઉપદ્રવ થાય. માણેકજી પીટીટના શેરોમાં વધઘટ થાય.

વૈશાખ વદ ૧ તા. ૧૪ મી એપ્રિલ—પર્વતોનો નાશ થાય અને ઘાસ તથા લાકડાંનો ભાવ તેજ થાય.

વૈશાખ વદ ૨ તા. ૧૮ મી એપ્રિલ—રોહિણીનો શુક્ર હોવાથી દિવસ ૧૨ માં સર્વ લોકોને સુખ તથા ધાન્યાદિનો ભાવ મંદ થાય.

વૈશાખ વદ ૮ તા. ૨૨ મી એપ્રિલ—૨૧ દિવસમાં અફીણ, ગોળ, ખાંડ, ચાંદી વગેરેમાં વધઘટ થઇને છેવટે તેજી અને ધાન્યાદિની મંદી થાય. શતભિષાનો મંગળ હોવાથી ૨૦ દિવસમાં ઉંદર વગેરે જંતુઓનો ઉપદ્રવ થાય. ધાન્યની આવક વધારે અને ભાવ મધ્યમ થાય.

વૈશાખ વદ ૧૧ તા. ૨૫ મી એપ્રિલ—સ્વાતિનો ગુરૂ હોવાથી ૨૭ દિવસમાં ઘઉં, જવ, ચણા, જુવાર, મસુર, તલ, તેલ, સરસવ, એરંડી, મજીઠ, હળદર, ખાર, સુંઠ, મરચાં, પીપર, મીણ, ઘી, ગોળ, સુતર તથા સર્વ રત્નો વગેરેનો ભાવ મંદો થાય. તે ખ-

રીદીને એક માસ પછી વેચવાથી લાભ થાય. બુધનો અસ્ત થવાથી ૧૫ દિવસમાં રૂ પહેલાં કાંઇક તેજ થઇને પછી મંદી થાય. ૩ દિવસ પછી અફીણમાં મંદી થાય. આ ૧૫ દિવસમાં જે વસ્તુની મંદી થાય તેને ખરીદવાથી અને જે તેજ થાય તેને વેચવાથી આગળ બુધનો ઉદય થતાં લાભ થાય. શેરોનો ભાવ ઘટશે.

વૈશાખ વદ ૧૩-૧૪ તા. ૨૭ મી એપ્રલ—૩ દિવસમાં અફીણની મંદી અને રૂમાં વધઘટ થાય. ભરણીનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં અળસી વગેરેનો ભાવ તેજ થાય.

વૈશાખ સુદ ૨ તા. ૩૦ મી એપ્રિલ—મૃગશિરનો શુક્ર હોવાથી ૧૦ દિવસમાં મગ, અડદ, મઠ, ચોખા વગેરે ધાન્યની આવક વધારે થાય અને ભાવ પણ કાંઇક મંદ થાય. ૨૭ દિવસમાં તુવેર, મઠ, રાઈ, મેથી, ધાણા, જીરૂ, સૂઆ, લાખ, ગળી, સણ, સૂતર, સાજીખાર, સીસું, લોઢું, ચાંદી, ઘી, ગોળ, કપૂર, સુગંધી વસ્તુ, કપાસ, સફેદ કપડું ઇત્યાદિ વસ્તુઓનો ભાવ તેજ થાય. પરન્તુ શનિ જેઠ વદ ૪ સુધી અસ્ત છે તેથી ઉદય થતાં પૂરૂં ફળ આપશે.

વૈશાખ સુદ ૩ તા. ૧ લી મે—વર્ષા સારૂં થશે અને ધાન્ય તથા રસનો ભાવ મંદો થશે તથા જગતમાં આનંદ રહેશે.

વૈશાખ સુદ ૬ તા. ૪ થી મે—૧૦ દિવસમાં, પારો, હિંગ, હીંગળો, ગૂગળ વગેરેનો ભાવ મંદ થાય.

વૈશાખ સુદ ૭ તા. ૫ મી મે—મિથુનનો શુક્ર હોવાથી ૨૮ દિવસમાં વાયુનું જોર, કયાંક વરસાદનું મંડાણ, વીંછી જેવા ઝેરી જીવોનો ઉપદ્રવ અને રૂનો ભાવ મંદો થાય. એ માસમાં સોનું, ચાંદી, તાંબું, પીતળ, સીસું, કથીર, લોઢું વગેરે સર્વ ધાતુ, હીરા, માણેક, પાનાં, મોતી વગેરે સર્વ રત્નોમાં વધઘટ થઇને તેજી થાય.

વૈશાખ સુદ ૧૨ તા. ૧૦ મી મે—બુધનો ઉદય થવાથી ધાન્યનો ભાવ તેજ થાય. રૂમાં કાંઇક વધઘટ થઇને તેજી થાય તથા ચાંદીમાં સાધારણ તેજી થાય. કૃતિકાનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં જો વીજળી ચમકે તોપણ વર્ષ સારૂં નીવડે અને જો છાંટા પડે તો પછી કહેવુંજ શું!

વૈશાખ સુદ ૧૩ તા. ૧૧ મી મે—પૂર્વા ભાદ્રપદનો મંગળ હોવાથી ૧૯ દિવસમાં તલ, તેલ, સરસવ, અળસી, ઘઉં, વગેરેનો ભાવ તેજ, રૂ, સૂતર, કાપડ વગેરેમાં વધઘટ અને કયાંક વાદળ વરસાદ થાય. આર્દ્રાનો શુક્ર હોવાથી ૧૩ દિવસમાં વર્ષાનું મંડાણ, ધાન્યની વૃદ્ધિ અને લોકોને સુખ થાય.

વૈશાખ સુદ ૧૫ તા. ૧૩ મી મે—રૂની મંદી, અફીણ તેજ અને ચાંદીમાં થોડો ફેરફાર થાય. મીલોના શેરમાં વધઘટ થાય.

જેઠ માસ.

આ માસમાં પાંચ રવિવાર હોવાથી દુર્ભિક્ષનો ભય પેદા થાય, ધાન્યનો ભાવ સાધારણ તેજ રહે અને કયાંય રોગાદિનો ઉપદ્રવ થાય.

જેઠ વદ ૧ તા. ૧૬ મી મે—એક માસમાં સોનું, ધાન્ય, કપાસ, કાપડ, સૂતર તથા શસ્ત્રોનો નાશ થાય. ભાવ પણ તેજ થાય. પવન જોરથી વાય અને વૃક્ષોનો નાશ થાય. વૃષ સંક્રાન્તિ અને રવિવાર હોવાથી વરસાદ કમી, ધાન્યનો ભાવ કાંઇક તેજ પરન્તુ ૧૦ દિવસ પછી મંદ થાય.

જેઠ વદ ૪ તા. ૧૭ મી મે—મેષ રાશિપર શનિનો ઉદય થવાથી વર્ષાદ અધિક થાય. ઉંચ જાતના માણુસોને સુખ થાય. રૂમાં ૧૦ રૂપિયા તેજ થાય.

જેઠ વદ ૯ તા. ૨૨ મી મે—૪૨ દિવસમાં સોનું, ચાંદી, તાંબું, પીતળ, સીસું, કથીર વગેરે ધાતુ, માણેક, મોતી, પાનાં, વગેરે રત્ન, નાળીયેર, સોપારી, લવીંગ, એલચી, તમાલપત્ર, નાગકેસર વગેરે કરીયાણું, તલ, તેલ વગેરે વસ્તુનો ભાવ તેજ થાય.

જેઠ વદ ૧૦ તા. ૨૩ મી મે—અશ્વીનુમાં રૂા. ૧૦૦ ની તેજી એક માસમાં થાય. પુનર્વસુનો શુક્ર હોવાથી ૧૨ દિવસમાં રૂની મંદી થાય. ભરણીનો બુધ હોવાથી ૬૦ દિવસમાં હાથીનો નાશ, ઘોડાઓને કષ્ટ અને ધાન્યનો ભાવ કાંઇક તેજ થાય.

જેઠ વદ ૧૧ તા. ૨૪ મી મે—મીનનો મંગળ હોવાથી દોઢ માસમાં ઘાસ, લાકડાં તથા પશુઓની મંદી થાય, જેથી આ વખતે ખરીદ કરીને પછી વેચવાથી લાભ થાય. રોહિણીનો સૂર્ય હોવાથી ૧૫ દિવસ પવન, વાદળાં, વીજળી, વરસાદ વગેરે કાંઇ પણ ન થઇને સૂર્ય બહુજ તપે તો વર્ષાઋતુમાં વરસાદ ઘણો સારો થાય. આ દિવસોમાં ચાંદીની મંદી થઇને અન્તે પાછી તેજી થાય.

જેઠ વદ ૧૪ તા. ૨૭ મી મે—૩૦ દિવસમાં મઠ, કોદરા, કળથી, સરસવ, તેલ, તલ, એરંડી, અડદ, ધાન્ય, પીપળીમૂળ વગેરે સર્વ કંદ, નાળીયેર આદિ સર્વ ફળ, ચંદન, અગર વગેરે સર્વ સુગંધી વસ્તુનો ભાવ મંદો થાય.

જેઠ વદ ૩૦) તા. ૨૮ મી મે—આ દિવસે સાંજે સૂર્યને અસ્ત થતાં જોવો અને વળી જેઠ સુદ ૧-૨ ને દિવસે ચંદ્ર ઉદય થતાં તથા અસ્ત પામતાં પણ જોવો. જો ચંદ્રમા સૂર્યથી ઉત્તરમાં અસ્ત થાય તો વરસાદ વધારે, દક્ષિણમાં અસ્ત થાય તો વરસાદ ઓછો અને સૂર્યની જગ્યાપરજ અસ્ત થાય તો વર્ષાદ સાધારણ થાય.. આ યોગ અવશ્ય જોવાલાયક છે.

જેઠ સુદ ૧-૨ તા. ૨૯ મી મે—આવરેજમાં રૂા. ૧૦૦-૨૦૦ ની તેજી અને રૂમાં રૂા. ૫-૭ ની તેજી થાય. વરસાદ અધિક થશે. ૨૦ દિવસમાં ધાન્યાદિનો ભાવ કાંઈક તેજ થાય અને વર્ષાદ અટકે.

જેઠ સુદ ૫ તા. ૧ લી જુન—કર્કરાશીનો શુક્ર હોવાથી એક માસમાં વર્ષાદ કયાંક વધારે અને કયાંક ઓછો તથા ધાન્યાદિ સર્વ વસ્તુઓનો ભાવ વધી જાય જેથી વ્યાપારીઓને લાભ થાય. પીટીટના શેર તેજ થાય.

જેઠ સુદ ૬ તા. ૨ જી જુન—કૃત્તિકાનો બુધ હોવાથી ૧૫ દિવસમાં વર્ષાદ ઓછો, જ્વરાદિ રોગોની પીડા અને ધાન્યાદિનો ભાવ કાંઈક તેજ થાય.

જેઠ સુદ ૮ તા. ૪ થી જુન—પુષ્પનો શુક્ર હોવાથી ૧૨ દિવસમાં વર્ષાદ અધિક અને કયાંક ધાન્યનો ભાવ મંદ થાય.

જેઠ સુદ ૯ તા. ૫ મી જુન—વૃષ રાશિનો બુધ હોવાથી ૧૭ દિસસમાં કાંઈક ભય અને ચાંદીનો ભાવ મંદો તથા અફીણમાં રૂા. ૫૦ ની તેજી થાય.

જેઠ સુદ ૧૧ તા. ૭ મી જુન—મૃગનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં પવન બહુ જોરથી વાય તો વર્ષાદ શ્રેષ્ઠ થાય અને જો ગરમી પડે તો રોગાદિનો ઉપદ્રવ થાય.

જેઠ સુદ ૧૫ તા. ૧૧ મી જુન—૧૦ દિવસમાં રૂમાં વધઘટ થશે. અળશીમાં મંદી અને સરસવમાં તેજી થાય. રોહિણીનો બુધ હોવાથી સુતરનો ભાવ ૮ દિવસમાં તેજ થાય.

અષાડ માસ.

આ માસમાં પાંચ સોમ અને પાંચ મંગળવાર હોવાથી મીલોના શેરોના ભાવમાં બહુ વધઘટ થાય.

અષાડ વદ ૩ તા. ૧૪ મી જુન—મિથુનનો સૂર્ય હોવાથી એક માસમાં કપાસ, રૂ, સૂતર, કાપડ વગેરે. તથા તલ, તેલ, સરસવ, એરંડી વગેરેનો ભાવ તેજ થાય. મિથુન સંક્રાંતિ ને બુધવાર હોવાથી મોતી વગેરે સમુદ્રમાંની વસ્તુઓનો ભાવ તેજ થાય. ધાન્યની મંદી, ઘી-ગોળ રસની તેજી થાય. રોગાદિનો ક્યાંક ઉપદ્રવ થાય અને વરસાદની ઋતુમાં વરસાદ સારો થાય.

અષાડ વદ ૪ તા. ૧૫ મી જુન—અશ્લેષાનો શુક્ર હોવાથી ૧૫ દિવસમાં સર્પોનો ઉપદ્રવ, વરસાદનો અવરોધ અને ધાન્યનો ભાવ કાંઇક તેજ થાય.

અષાડ વદ ૫ તા. ૧૬ મી જુન—રેવતીનો મંગળ હોવાથી ૨૦ દિવસમાં ક્યાંક વરસાદ અધિક, ક્યાંક ઓછો, ધાન્યનો ભાવ પણ ક્યાંક તેજ, ક્યાક મંદો થાય. જગતમાં સાધારણ સુખ, વ્યાપારીઓના ધનની વૃદ્ધિ અને ક્યાંક રોગાદિનો ઉપદ્રવ થાય.

અષાડ વદ ૬ તા. ૧૮ મી જુન—ધાન્ય ઘી વગેરે ખાવાની વસ્તુઓ ૧૫ દિવસમાં કાંઇક તેજ થાય.

અષાડ વદ ૯-૧૦ તા. ૨૧ જુન—મૃગશિરનો બુધ હોવાથી ૮ દિવસમાં પવન જોરથી વાય. આર્દ્રાનો સૂર્ય હોવાથી ૧૦ દિવસ વરસાદ ખેંચાઇને પછી વરસે. સર્વત્ર એકસરખો વરસાદ નહિ થતાં ઓછો વધારે થાય. ઘીમાં તેજી થાય. આ દિવસે વરસાદ થાય તો એક માસ સુધી વરસાદ ખેંચાય પણ પછી વરસાદ સારો થાય, અને આ ૧૫ દિવસમાં ક્યાંય છાંટા, ગાજવીજ વગેરે થાય તો વરસ બહુ સારૂં નીવડે, અને જો તે દિવસ બિલકુલ ખાલી જાય તથા પવન જોરથી વાય તો વરસ સારૂં નીવડે નહિ, તેથી આ ૧૫ દિવસ જોતાં રહેવું.

અષાડ વદ ૧૧ તા. ૨૨ મી જુન—આ દિવસે શહેનશાહ જ્યોર્જ પાંચમાનો રાજ્યાભિષેક ઈગ્લાંડ ખાતે થશે. ૧૫ દિવસમાં પ-

વનનું જોર, વરસાદ અધિક, સીન્દુર, સોનું, ગુળી, વગેરે તેજ અને રૂની મંદી થાય.

અષાડ વદ ૧૪ તા. ૨૫ મી જુન—૫૬ દિવસમાં ઘઉં, જવ, મસુર, સરસવ, રાઇ, મેથી, લાખ, રૂ, સુતર, કાપડ, ગોળ, ખાંડ, ચાંદી, મોતી, વગેરે વસ્તુઓની મંદી થાય. આર્દ્રાનો બુધ હોવાથી ૮ દિવસમાં અતિવૃષ્ટિ થાય.

અષાડ સુદ ૪ તા. ૩૦ મી જુન—સિંહનો શુક્ર હોવાથી ૪૦ દિવસમાં વરસાદનો અવરોધ, ધાન્ય તેજ, સોનાની કમી, પશુઓને કષ્ટ અને ૧૦ દિવસમાં રૂમાં કાંઇક મંદી થાય.

અષાડ સુદ ૬ તા. ૨ જી જુલાઇ—પુનર્વસુનો બુધ હોવાથી ૮ દિવસમાં બાળકોને પીડા અને કપાસ, રૂ, સુતર, કાપડ વગેરેમાં મંદી થાય. ૩ દિવસ પછી રૂની મંદી અને અફીણ તથા ચાંદીની તેજી થાય.

આષાડ સુદ ૯ તા. ૫ મી જુલાઈ—આ દિવસે વાદળા વરસાદ વગેરે થાય તો વરસ સારૂં નીવડે અને રાત્રિએ ચન્દ્રમા વાદળાંથી ઢંકાઇ રહે તો શીયાળામાં પણ વરસાદ થાય. પુનર્વસુનો મંગળ હોવાથી ૧૫ દિવસમાં વરસાદ, વાદળાં વગેરે વધારે થશે. મેષનો મંગળ હોવાથી ૫૦ દિવસમાં ધાન્યનો ભાવ મંદ, પરવાળા, માણેક તથા લાલ રંગનો ભાવ તેજ થાય. શનિ, રાહુ, મંગળ એકત્ર થતા હોવાથી કોઇ ખંડમાં યુદ્ધાદિનો ભય થાય. માળવાના અફીણમાં બહુજ તેજી, રૂમાં વધઘટ થઇને વિશેષ તેજી થાય. આવો યોગ પહેલાં સં. ૧૯૩૪ માં આવ્યો હતો ત્યારે માળવાના અફીણમાં તથા રૂમાં બહુજ તેજી થઇ હતી અને મારવાડ વગેરે સ્થળે દુકાળ પડયો હતો.

અષાડ સુદ ૧૧ તા ૭ મી જુલાઇ—આ વર્ષમાં વર્ષાદ શ્રેષ્ઠ, ધાન્યની પેદાશ સાધારણ શ્રેષ્ઠ થાય. આ દિવસે વર્ષાદ થાય

તો આગળ આસો વદના પખવાડીયામાં ઘણું કરીને વર્ષાદ થાય છે. કર્કનો બુધ હોવાથી ૧૯ દિવસમાં ધાન્યનો ભાવ સાધારણ અને દેવદાર તથા અફીણ કાંઇક તેજ થાય. બે માસમાં ઘઉં, જવ, જુવાર, ચણા, મસુર, એરંડી વગેરે તેલી બીયાં, ઘી, ગોળ, ખાંડ, મીઠું વગેરે રસ, મજીઠ, કસુંબો, વગેરે રંગ વસ્તુ, મેથી, રાઈ, સુઆ, હળદર, દ્રાક્ષ, સુંઠ, પીપર, વાવડીંગ વગેરે કરીયાણું તેજ થાય. ચાંદી, તાંબું, લોઢું આદિ સર્વે ધાતુઓનો ભાવ વૃધઘટ થઇને છેવટે મંદો થાય.

અષાડ સુદ ૧૩ તા. ૯ મી જુલાઇ—પુષ્પનો બુધ હોવાથી ૮ દિવસમાં રાજાઓને આનંદ થાય.

અષાડ સુદ ૧૫ તા. ૧૧ મી જુલાઇ—આ દિવસે સૂર્યાસ્તને સમયે પવન પૂર્વ, ઉત્તર અથવા ઇશાનનો હોય તો બહુજ શ્રેષ્ઠ, વાયવ્ય અથવા પશ્ચિમનો હોય તો સાધારણ અને અગ્નિ, દક્ષિણ અથવા નૈઋત્યનો હોય તો દુર્ભિક્ષ પડે. વાદળાં દિવસે તથા રાત્રે બહુજ હોવાં જોઇએ, તેમાં પણ રાત્રિએ જેટલા પ્રહર સુધી ચન્દ્રમા વાદળાંથી ઢંકાએલો રહે એટલા મહિનામાં વર્ષાદ અવશ્ય થાય અને જો નિર્મળજ હોય તો વર્ષાદ થાય નહિ. વરસ સારૂં નરસું જોવાનો આ છેલ્લો દિવસ છે માટે તે સારી રીતે જોવો.

શ્રાવણ માસ.

આ માસમાં પાંચ બુધ અને ગુરૂવાર હોવાથી ચાંદીમાં કાંતો તેજી અને કાંતો મંદી પણ ૨—૩ રૂપિયાની વધઘટ થશે જેથી લેણુંદેણું કરનારને લાભ થશે.

શ્રાવણ વદ ૩ તા. ૧૪ મી જુલાઈ—૧૦ દિવસમાં વર્ષાદનું જોર અને ધાન્યાદિનો ભાવ કાંઇક મંદ થાય.

શ્રાવણ વદ ૫ તા. ૧૬ મી જુલાઈ—કર્કનો સૂર્ય હોવાથી એક માસમાં વર્ષાદ બહુધા સર્વત્ર થશે. ક્યાંક ધાન્ય તેજ થશે. અશ્લેષાનો બુદ્ધ હોવાથી ૯ દિવસમાં વરસાદનું મંડાણ અને વરસાદ થશે.

શ્રાવણ વદ ૬ તા. ૧૭ મી જુલાઈ—બુધનો ઉદય હોવાથી ક્યાંક વધુ અને ક્યાંક ઓછો વર્ષાદ થશે, ૩ દિવસ પછી રૂની તેજી, અફીણની મંદી અને ચાંદીમાં વધઘટ થઇને તેજી થશે. બુધનો ઉદય શ્રાવણ માસમાં શ્રેષ્ઠ નથી.

શ્રાવણ વદ ૮ તા. ૧૯ મી જુલાઇ—પુષ્પનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં વરસાદ થાય. ઉનનો ભાવ તેજ અને ચાંદીમાં વધઘટ થાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૨૨ મી જુલાઇ—રોહિણી નક્ષત્ર હોવાથી વરસ સાધારણ શ્રેષ્ઠ નીવડશે.

શ્રાવણ વદ ૧૨–૧૩ તા. ૧૨ મી જુલાઇ—૧૫ દિવસમાં ઘી તેજ અને અફીણમાં કાંઇક વધઘટ થઇને તેજ થાય.

શ્રાવણ વદ ૧૪ તા. ૨૪ મી જુલાઇ—સિંહનો બુધ હોવાથી ૨૦ દિવસમાં છીપ, મોતી, દેવદાર તેજ, અફીણ મંદ અને ધાન્ય કાંઇક તેજ થાય. આ દિવસે આર્દ્રા નક્ષત્ર છે તેથી ધાન્યનો સંગ્રહ કરવાથી આગળ લાભ થશે.

શ્રાવણ સુદ ૧ તા. ૨૬ મી જુલાઈ—ભરણીનો મંગળ હોવાથી ૨૫ દિવસમાં અળસીનો નાશ, ભાવ પણ તેજ અને લોકોને સુખ થાય.

શ્રાવણ સુદ ૭ તા. ૧ અગષ્ટ—ઉ. ફાલ્ગુનીનો શુક્ર હોવાથી ૧૫ દિવસમાં ધાન્યની કાંઇક તેજી થાય.

શ્રાવણ સુદ ૮ તા. ૨ અગષ્ટ—અશ્લેષાનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં ક્યાંક વધુ વરસાદ થાય.

શ્રાવણ સુદ ૯ તા. ૩ અગષ્ટ—પૂર્વાફાલગુનીનો બુધ હોવાથી ૧૪ દિવસમાં ધાન્ય કાંઇક મંદ થાય.

શ્રાવણ સુદ ૧૪ તા. ૯ મી અગષ્ટ—કન્યાનો શુક્ર હોવાથી ૮ દિવસમાં ખેતીને હાની, ચોખામાં તેજી, અફીણમાં રૂા. ૧૦૦ તેજ અને રૂમાં મંદી થાય.

શ્રાવણ સુદ ૧૫ તા. ૧૦ મી અગષ્ટ—રાત્રે ચન્દ્રમા વાદળાંથી ઢંકાએલો રહે તો તલ, તેલ, ઘીનો ભાવ તેજ થાય.

ભાદ્રપદ માસ.

આ માસમાં પાંચ શુક્રવાર હોવાથી રૂ વગેરેમાં મંદી થશે.

ભાદ્રપદ વદ ૩ તા. ૧૩ મી અગષ્ટ—૨૫ દિવસમાં નાળીએર, સોપારી, જાયફળ, આદિ ફળ, લવીંગ, એલચી, તજ, તમાલપત્ર આદિ કરિયાણું, ચન્દન, અગર, કપૂર, કસ્તુરી આદિ સુગન્ધી વસ્તુ ગોળ, ખાંડ આદિ મધુર વસ્તુ, ઘી આદિ રસવસ્તુ અને મોતી આદિ રત્નનો ભાવ મંદ થાય.

ભાદ્રપદ વદ ૭ તા. ૧૬ મી અગષ્ટ—૨૫ દિવસમાં સર્વ ધાન્યની મંદી અને ઘી તેલની તેજી થાય. ૩ દિવસ પછી અફીણમાં કાંઇક મંદી અને રૂમાં કાંઇક તેજી આવે. સિંહનો સૂર્ય હોવાથી એક માસમાં હળદર, ગોળ, ખાંડ, કસુંબો, મજીઠ, રાળ આદિ લાલ રંગની સર્વ વસ્તુ તથા લાલ કપડું, તલ તેલનો ભાવ તેજ થાય. મઘાનો સૂર્ય હોવાથી આ પહેલે દિવસે વરસાદ થાય તો તીડ વગેરે જન્તુઓનો ઉપદ્રવ થાય અને જો ૨ દિવસ પછી વરસાદ થાય તો શુભ ફળ થાય અને આ ૧૫ દિવસમાં વરસાદ ન થાય તો પછી આગળ વરસાદની તાણ પડે.

ભાદ્રપદ વદ ૯ તા. ૧૮ મી અગષ્ટ—૩૦ દિવસમાં

ધાન્યાદિનો ભાવ મંદ અને ઘી ગોળ વગેરે રસોનો ભાવ તેજ થાય. ચાંદી તથા રૂ પહેલાં કાંઇક તેજ થઇને પછી મંદ થાય અને અફીણુ ૩ દિવસ પછી મન્દ થાય. બુધ અને શુક્ર બન્ને શુભ ગ્રહ વક્રી થયા છે માટે ધાન્યમાં મંદી થશે. આ વખતે તે ખરીદવાથી આગળ જતાં લાભ થાય.

ભાદ્રપદ વદ ૧૦ તા. ૧૯ મી અગસ્ટ—કૃતિકાનો મંગળ હોવાથી એક માસમાં અફીણુ તેજ થાય. ૧૫ દિવસમાં તુવેર, જીરૂં, રાઈ, સુવા, મેથી, લાખ, ગળી વગેરેનો ભાવ તેજ થાય. આજે રક્તાક્ષિ નામે સંવત્સર શરૂ થાય છે જેનું ટુંક ફળ શરૂઆતમાં કહ્યું છે.

ભાદ્રપદ વદ ૧૧ તા. ૨૦ મી અગષ્ટ—બુધનો અસ્ત થવાથી ૨૦ દિવસમાં રૂ પહેલાં કાંઇક તેજ થઇને પછી રૂા. ૧૦ ની મંદી થાય. અફીણુ પાંચ દિવસ પછી મંદ થાય અને સઘળું કરિયાણું તેજ થાય.

ભાદ્રપદ સુદ ૧ તા. ૨૫ મી અગષ્ટ—વૃષ રાશીનો મંગળ હોવાથી ૫૦ દિવસમાં સર્વ ધાન્ય, કપૂર, કેસર, ચન્દન, કપાસ વગેરેનો ભાવ પહેલાં તેજ થઇને પછી અંતમાં પાછો મંદ થાય અને અફીણુમાં રૂા. ૫૦ ની મંદી થાય. આજે ચંદ્રોદય હોવાથી અફીણુમાં રૂા. ૧૦૦ અને રૂમાં રૂા. ૧૦ વધઘટ થાય.

ભાદ્રપદ સુદ ૨-૩ તા. ૨૬ મી અગષ્ટ—૩ દિવસમાં અફીણુની મંદી અને ૧૫ દિવસમાં ધાન્યમાં કાંઇક તેજી થાય.

ભાદ્રપદ સુદ ૪ (પહેલી) તા. ૨૭ મી અગષ્ટ—ભરણી નક્ષત્રના ચોથા પાદ પર શનિ વક્રી થયો છે તેથી વ્યાપારની વસ્તુઓમાં બહુ ફેરફાર થશે અર્થાત્ કેટલીક તેજ થશે અને કેટલીક

મંદ થશે. અફીણમાં રૂા. ૧૦૦-૨૦૦ ની વધઘટ થશે. રૂ પહેલાં તેજ થઈને પછી મંદ થશે. બુધ, શુક્ર અને શનિ એ ત્રણ ગ્રહ વક્રી થયા છે તેથી કોઈ સ્થળે યુદ્ધ અને કોઈ સ્થળે વર્ષાનો ઉપદ્રવ થાય. કોઈ સ્થળે શુભ ફળ પણ થાય.

ભાદ્રપદ સુદ ૫ તા. ૨૯ મી અગષ્ટ—આ વખતે રૂમાં કાંઈક મંદી થશે જેથી ખરીદવાથી આગળ ચાર મહીનામાં સારો લાભ થશે.

ભાદ્રપદ સુદ ૬ તા. ૩૦ મી અગષ્ટ—૧૫ દિવસમાં વરસાદનો ઉપદ્રવ થાય.

ભાદ્રપદ સુદ ૯ તા. ૨ જી સપ્ટેમ્બર—મૂળ નક્ષત્ર છે અને દુર્ભિક્ષકારક યોગ થયો છે પણ સુદ ૧૦ ને રવિવારે મૂળ ૪ ઘડી આવી ગયું છે એટલે બહુ અશુભ ફળ થશે નહિ.

ભાદ્રપદ સુદ ૧૩ તા. ૬ ઠી સપ્ટેમ્બર—બુધનો ઉદય થશે. અસ્તને સમયે જે ફળ થયું છે તે સઘળું તે ઉલટાવી નાંખશે જેની તેજી થઈ હશે તેની મંદી અને જેની મંદી થઈ હશે તેની તેજી થશે. તેમજ જ્યાં વરસાદ થયો હશે ત્યાં તાણ પડશે અને જ્યાં તાણ હશે ત્યાં વરસાદ થશે. શુક્રનો અસ્ત થશે તેથી વરસાદની તાણ અને દુર્ભિક્ષનો ભય પેદા થાય. ખેતીની હાનિ, પશુઓને કષ્ટ, ધાન્યની તેજી, અફીણમાં મંદી અને રૂમાં વધઘટ થઈને છેવટે મંદી થાય.

ભાદ્રપદ સુદ ૧૪ તા. ૭ મી સપ્ટેમ્બર—૨૦ દિવસમાં સોનું, ચાંદી, સીસું, કથીર, પીતળ, લોઢું આદિ સર્વ ધાતુઓ, તલ, તેલ, અળસી, સરસવ, એરંડી વગેરે તેલવસ્તુ, મોતી, માણેક, વગેરે રત્ન અને સર્વ ધાન્યનો ભાવ મંદો રહે કોઈ સ્થળે અગ્નિનો ઉપદ્રવ થાય.

ભાદ્રપદ સુદ ૧૫ તા. ૮ મી સપ્ટેમ્બર—બે માસમાં ઘી, ગોળ, રેશમ, સૂતર, કાપડ વગેરેનો ભાવ મંદો અને હાથી, ઘોડા, ગાય, ભેંશ, હરણ વગેરે પશુઓને કષ્ટ થાય. આ દિવસે વાદળાં બહુ થાય તો ધાન્ય મંદ થાય અને બિલકુલ ન જ હોય તો તેજ થઈ જાય. આ ફળ તુરત મળે.

આસો માસ.

આ માસમાં પાંચ શનિવાર તથા પાંચ રવિવાર હોવાથી અમેરિકા આદિ દેશમાં વરસાદ વગેરેના ઉપદ્રવથી રૂ વગેરેના પાકને નુકસાન થાય.

આસો વદ ૧ તા. ૯ મી સપ્ટેમ્બર—૧૦ દિવસમાં ધાન્યની તેજી અને ઘી, તેલ, ગોળ વગેરેની મંદી તથા ચાંદીની તેજી થઈને અંતે મંદી થાય. અફીણમાં તેજી થાય.

આસો વદ ૫ તા. ૧૩ મી સપ્ટેમ્બર—ઉત્તરા ફા. નો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં કોઈ સ્થળે વરસાદ થશે જેથી ધાન્યને નુકશાન પહોંચશે.

આસો વદ ૬ તા. ૧૪ મી સપ્ટેમ્બર—પુર્વા ફા. નો બુધ હોવાથી ૧૪ દિવસમાં રૂની કાંઇક મંદી થશે. શુક્રના ઉદયથી સોરઠ દેશમાં વિગ્રહ, મારવાડમાં દુર્ભિક્ષનો ભય, ઘી, ધાન્ય અને સોનું રૂપું તેજ, ગાય ભેંશ દુખી, રૂ સૂતરની તેજી અને ૫ દિવસ પછી અફીણમાં મંદી થાય.

આસો વદ ૮-૯ તા. ૧૬ મી સપ્ટેમ્બર—ધાન્યાદિનો ભાવ મંદ થાય, અને ૨૦ દિવસ પછી તેજ થાય. રસનો ભાવ તેજ થાય.

આસો વદ ૧૧ તા. ૧૮ મી સપ્ટેમ્બર—ગાય ભેંશની કીંમત વધે, રોહિણીનો મંગળ હોવાથી ૨૫ દિવસમાં રૂ, સુતર, કાપડ વગેરેનો ભાવ તેજ થાય.

આસો સુદ ૧ તા. ૨૩ મી સપ્ટેમ્બર—આ વખતે ધાન્યનો સંગ્રહ રાખે તો આગળ વચવાથી અવસ્ય લાભ થાય. અફીણમાં રૂા. ૨૦૦ ની વધઘટ થશે.

આસો સુદ ૨ તા. ૨૪ મી સપ્ટેમ્બર—૧૫ દિવસમાં સર્વ વસ્તુની મંદી થાય. અફીણમાં ૫૦ રૂા. ની મંદી થાય.

આસો સુદ ૫ તા. ૨૭ મી સપ્ટેમ્બર—હસ્તનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં મગ, મઠ, અડદ આદિ કઠોળ તેજ થાય. ૪૦ દિવસમાં ચાંદી, સોનું, મોતી, કપાસ, રૂ, સુતર, રાળ, ગાય, ભેંશ, ઘોડા, હળદર, ગોળ, કસ્તુરી, ચન્દન, કપૂર વગેરેનો ભાવ તેજ થાય. ઉત્તરા ફા. નો બુધ હોવાથી ૧૦ દિવસમાં મગ, અડદ, મઠની નીપજ ઓછી થાય અને તેથી ભાવ તેજ થાય.

આસો સુદ ૭ તા. ૨૯ મી સપ્ટેમ્બર—કન્યાનો બુધ હોવાથી ૧૦ દિવસમાં સીન્દુર, સીસું, સોનું, ગુળી વગેરેનો ભાવ તેજ થાય.

આસો સુદ ૧૧ તા. ૪ થી ઓકટોબર—પાંચ દીવસ પછી રૂની મંદી અને અફીણની તેજી થાય.

આસો સુદ ૧૩ તા. ૬ ઠી ઓકટોબર—હસ્તનો બુધ હોવાથી ૫ દિવસમાં સુભિક્ષ, આરોગ્ય તથા લોકોમાં કાંઈ સુખદાયક ફળો નીપજે.

કારતક માસ.

આ માસમાં પાંચ સોમવાર હોવાથી રાજા પ્રજામાં આનંદ રહે અને રૂની તેજી તથા ચાંદી અફીણમાં વધઘટ થાય.

કારતક વદ ૧-૨ તા. ૯ મી ઓકટોબર—તિથિનો ક્ષય હોવાથી ૫ દિવસમાં અફીણમાં રૂા. ૫૦ તેજ અને ધાન્યમાં મંદી થાય. બુધનો અસ્ત થવાથી ચાંદી તેજ, રૂ પહેલાં તેજ થઈને પછી મંદી અને છેવટે પાછી તેજી થાય. અફીણમાં વધઘટ થાય. આ ફળ એક માસમાં મળે.

કારતક વદ ૩ તા. ૧૦ મી ઓકટોબર—ચિત્રાનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં ચોખા વગેરે ધાન્ય તેજ અને અત્તર બનાવનારાઓ તથા લેખકોને કષ્ટ અને જોશીઓના રોજગારમાં ઘટાડો થાય.

કારતક વદ ૭ તા. ૧૪ મી ઓકટોબર—૨૦ દિવસમાં તલ, તેલ, ઘી, ગોળ, ખાંડ, ઘઉં, ચણા, જવ, મસૂર, કપાસ વગેરેનો ભાવ તેજ થાય. મંગળ વક્રી થવાથી ૭૫ દિવસમાં દુર્ભિક્ષ (ધાન્યાદિ વસ્તુઓનો ભાવ તેજ), લાલ રંગની વસ્તુઓની મોંઘવારી, અફીણમાં વધઘટ થઈને તેજી થાય અને રૂ કાંઈક તેજ થાય.

કારતક વદ ૧૦ તા. ૧૭ મી ઓકટોબર—અફીણમાં રૂા. ૧૦૦–૨૦૦ ની તેજી થાય. તુલા સંક્રાન્તિ હોવાથી એક માસમાં ચોખા વગેરે ધાન્યની વૃદ્ધિ, કળથીની હાન અને ગોળમાં જેઠ માસ સુધી વધઘટ થઈને છેવટે તેજી થાય.

કારતક વદ ૧૪ તા. ૨૧ મી ઓકટોબર—દીવાળી ને શનિવાર હોવાથી ધાન્યના વ્યાપારીઓને લાભ થાય.

કારતક વદ ૩૦) તા. ૨૨ મી ઓકટોબર—આજે સૂર્ય ગ્રહણ છે. તોલથી વેચાતી વસ્તુઓના વ્યાપારીઓને વધારે લાભ થાય. રૂ, ચાંદીમાં બહુજ વધઘટ થાય. તુલા રાશીવાળાઓને પીડા થાય. ધનવાનના ધનની હાનિ થાય અને સુભિક્ષ ધાન્યાદિનો ભાવ મંદો રહે. ગ્રસ્તોદય હોવાથી રાજાઓને પીડા થાય. દક્ષિણાયનમાં વૈશ્યો તથા શૂદ્રોને પીડા થાય. વરસાદ ઓછો અને ચોરોનો ઉપદ્રવ

થાય. ઘઉં, ચોખા, મગ, ગોળ, રાતી વસ્તુનો સંગ્રહ કરવાથી ૨ માસ પછી લાભ થાય. આ ગ્રહનું ફળ એક વર્ષમાં મળે છે પરન્તુ જ્યાં જ્યાં કારતક વદ ૭ સુધીમાં વરસાદ થઈ જશે ત્યાં તે અશુભ ફળ મટીને શુભ ફળ થશે.

કારતક સુદ ૧ તા. ૨૩ મી ઓકટોબર—સ્વાતિનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં રૂની કાંઇક મંદી અને ચાંદીની કાંઇક તેજી થાય. અફીણમાં રૂા. ૧૦૦ તેજ થશે.

કારતક સુદ ૪ તા. ૨૬ મી ઓકટોબર—ઉત્તરા ફા. નો શુક્ર હોવાથી ૧૫ દિવસમાં મદ્રાસ વગેરે પ્રદેશમાં વરસાદ થશે, કેટલાંક ધાન્યોનો ભાવ તેજ થશે.

કારતક સુદ ૫ તા. ૨૭ મી ઓકટોબર—મૂળ નક્ષત્ર હોવાથી ધાન્યની તેજી થશે અને આવતા વર્ષમાં દુર્ભિક્ષનો ભય દેખાશે.

કારતક સુદ ૮ તા. ૩૦ મી ઓકટોબર—વૃશ્ચિકનો ગુરૂ હોવાથી એક વર્ષમાં વરસાદ ઓછો થાય, રોગાદિનો ઉપદ્રવ, દુર્ભિક્ષનો ભય, ધાન્યાદિનો ભાવ તેજ થાય. આ અશુભ ફળ આઠ માસ સુધી થશે. પછી શુભ ફળ થશે. આ યોગથી અફીણની તેજી અને રૂમાં તેજી થઇને ૫ માસ પછી મંદી થયા કરે છે. આવો યોગ આગળ સં. ૧૯૪૪, ૧૯૪૫, ૧૯૫૬ તથા ૧૯૫૭ માં આવ્યો હતો ત્યારે ફળ મળ્યું હતું.

કારતક સુદ ૯ તા. ૩૧ મી ઓકટોબર—કન્યારાશિનો શુક્ર હોવાથી ૧ માસમાં ખેતીની હાનિ, ધાન્યની તેજી, ચોખા વિશેષ તેજ અને અફીણમાં વધઘટ થઇને રૂા. ૧૦૦ ની તેજી અને રૂમાં રૂા. ૧૦ ની મંદી થશે.

કારતક સુદ ૧૨ તા. ૩ જી નવેમ્બર—ગુરૂનો અસ્ત થવાથી ૩ દિવસ પછી રૂમાં રૂા. ૫ અને અફીણમાં રૂા. ૫૦ ની મંદી થાય. ગોળ તથા ખાંડની ઘરાકી વધશે.

કારતક સુદ ૧૫ તા. ૬ ઠી નવેમ્બર—વિશાખાનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં રૂ ઘણુ તેજ થાય. કંદ, મૂળ, ફળ વગેરેનો ભાવ તેજ થાય.

આ દિવસે કૃતિકા નક્ષત્ર જોઇએ તે નથી પરંતુ પહેલી ૩ા ઘડી સુધી અશ્વિની અને પછી ભરણી છે જેથી આગળ સંવત ૧૯૬૯ ના વર્ષમાં વરસાદ ઓછો થવાનો અને દુર્ભિક્ષ પડવાનો સંભવ છે. સંવત ૧૮૫૫ માં પણ મોટો દુકાળ પડયો હતો.

માગશર માસ.

આ માસમાં પાંચ મંગળવાર તથા પાંચ બુધવાર હોવાથી ગોળનો ભાવ વધઘટ થઇને તેજ થાય.

માગશર વદ ૪ તા. ૧૦ મી નવેમ્બર—બુધનો ઉદય થવાથી ચાંદી, કપાસ, રૂ, ધાન્ય, ઘી, તેલ, તલ, એરંડી, સરસવ, અળસી, ઘઉં વગેરે સર્વ વસ્તુઓ તેજ થાય. પશુઓને પીડા થાય અને અગ્નિનો ઉપદ્રવ વધે. કૃતિકાનો મંગળ હોવાથી ૨૫ દિવસમાં અફીણમાં રૂા. ૫૦ ની તેજી થાય અને ગોળમાં રૂા. ૧ ની તેજી થાય. એ માસમાં ચાંદી, સોનું, તાંબું, મોતી, હીરા વગેરે રત્ન અને કપૂર, ચંદન, વગેરે સુગંધી વસ્તુઓનો ભાવ કાંઇક મંદો થાય.

માગશર વદ ૬–૭ તા. ૧૨ મી નવેમ્બર—ધાન્યની મંદી અને દીવસ ૫ માં અફીણ તેજ થાય. હસ્તનો શુક્ર હોવાથી ૧૩ દિવસમાં રૂની મંદી થાય.

માગશર વદ ૧૦ તા. ૧૫ મી નવેમ્બર—જ્યેષ્ઠાનો બુધ હોવાથી ૧૦ દિવસમાં ગોળ, ખાંડ, ચોખા, ઘીનો ભાવ તેજ થાય અને ઘોડામાં રોગ તથા પીડા વધે. અનુરાધાનો ગુરૂ હોવાથી ચાર માસમાં વરસાદ સાધારણ, ધાન્યની પેદાશ સાધારણ અને ભાવ પણ સાધારણ રહે, પરન્તુ ૧૪ દિવસમાં ધાન્યાદિની ક્યાંક મંદી થાય અને ક્યાંક થોડી તેજી થાય.

માગશર વદ ૧૧ તા. ૧૬ મી નવેમ્બર—વૃશ્ચિકનો સૂર્ય હોવાથી એક માસમાં ધાન્યનો ભાવ સાધારણ, રૂમાં કાંઇક તેજી અને ઉન તથા લાલ રંગની સર્વ વસ્તુઓની અત્યારે તો થોડી તેજી થાય પરન્તુ આગળ જેઠ માસમાં બહુજ તેજી થાય. વૃશ્ચિક સંક્રાન્તિ હોવાથી તલ, તેલ, રૂ, કપાસ, સુતર, કાપડ વગેરેનો ભાવ તેજ અને ધાન્ય તથા રસ કાંઇક તેજ થાય પણ છેવટે ધાન્યનો ભાવ મંદો થાય.

માગશર વદ ૧૪ તા. ૧૯ મી નવેમ્બર—અનુરાધાનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં ચોખા, જુવાર, બાજરી, મકાઇ, મગ, મઠ, ચોળા વગેરેનો ભાવ તેજ થાય.

માગશર વદ ૩૦) તા. ૨૦ મી નવેમ્બર—એક માસમાં રૂમાં રૂા. ૧૫–૨૦ની અને ચાંદીમાં રૂા. ૨–૪ ની વધઘટ થશે તેથી તેજી મંદી લગાવનારાઓને અવશ્ય લાભ થશે.

માગશર સુદ ૨ તા. ૨૨ મી નવેમ્બર—અફીણ, ગોળ, ખાંડની કાંઇક તેજી થાય.

માગશર સુદ ૪ તા. ૨૪ મી નવેમ્બર—ધનનો બુધ હોવાથી ૧૫ દિવસમાં હાથીઓનો નાશ થાય, રાજાઓને ચિંતા અને વ્યાપારીઓને અધિક લાભ થશે. ચિત્રાનો શુક્ર હોવાથી ૧૩ દિવસમાં રોગાદિનો કાંઇક ઉપદ્રવ થશે અને બજારમાં નાણાં બીડ ભર થશે. તિથિની વૃદ્ધિ થવાથી પાંચ દિવસમાં અફીણની તેજી થાય.

માગશર સુદ ૯ તા. ૧ લી ડીસેમ્બર—૧૯ દિવસમાં, મઠ, મગ, કોદરા, કળથી, સરસવ, તલ, કંદ, મૂળ, ફળ, ચંદન અને અગર એ વસ્તુઓની તેજી થાય.

માગશર સુદ ૧૧ તા. ૩ જી ડીસેમ્બર—તુલાનો શુક્ર હોવાથી ૨૬ દિવસમાં જગતમાં આનંદ થાય, ખેતીની વૃદ્ધિ, રૂ તેજ, અફીણમાં વધઘટ અને ધાન્યની મંદી થાય. જ્યેષ્ઠાનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં ક્યાંક વાદળાં અને વરસાદ વગેરે થશે.

માગશર સુદ ૧૩ તા. ૪ થી ડીસેમ્બર—ગુરૂનો ઉદય થવાથી એક માસમાં વરસાદની તાણ, ખેતીને હાની, રૂ કાંઇક તેજ, અફીણની મંદી અને ચાંદીમાં વધઘટ થઇને તેજી થાય.

માગશર સુદ ૧૫ તા. ૬ ઠી ડીસેમ્બર—મેષનો મંગળ હોવાથી ૨૫ દિવસમાં ચાંદીમાં વધઘટ અને અફીણ તેજ થાય. શનિ, રાહુ, મંગળ એકત્ર અને વક્રી થતા હોવાથી અફીણમાં રૂા. ૧૦૦–૨૦૦ ની તેજી, માળવામાં પણ તેજી, ઉન તેજી, તાંબુ રૂ તેજી અને કોઇ સ્થળે અગ્નિ, વાયુ, રોગ, યુદ્ધ આદિનો ઉપદ્રવ થાય. પાંચ દિવસમાં અફીણની કાંઇક મંદી થાય.

પોષ માસ.

પોષ વદ ૩ તા. ૮ મી ડીસેમ્બર—સ્વાતિનો શુક્ર હોવાથી ૧૨ દિવસમાં અગ્નિ તથા ચોરોનો ઉપદ્રવ થાય.

પોષ વદ ૪ તા. ૯ મી ડીસેમ્બર—બુધ વક્રી થવાથી ૨૩ દિવસમાં રૂ પહેલાં તેજ, અને પછી મંદ થાય. માણેકજી પીટીટના શેર પહેલાં તેજ થાય. અફીણમાં કાંતો મંદી અને કાંતો તેજી પણ ફેરફાર તો થાય. ચાંદી કાંઇક તેજ થાય.

પોષ વદ ૭ તા. ૧૨ મી ડીસેમ્બર—બુધનો અસ્ત થવાથી ૫ દિવસ પછી રૂ તથા અફીણની મંદી, ગોળની તેજી અને ધાન્યની આમદની અધિક થાય. આ દિવસે દિલ્હીમાં શહેનશાહ જ્યોર્જ પાંચમાનો અભિષેક થશે.

પોષ વદ ૧૦ તા. ૧૫ મી ડીસેમ્બર—ધનનો સૂર્ય હોવાથી એક માસમાં ધાન્યાદિનો ભાવ મંદો, તલ, તેલ, બાજરી, સરસવ, એરંડી, કપાસ, રૂ, સૂતર, કાપડ, વગેરેનો ભાવ તેજ થાય. ધન સંક્રાંતિ હોવાથી રૂ, તેલ, તલ, ઘી વગેરેમાં વધઘટ અને ધાન્યનો ભાવ સાધારણ થાય.

પોષ વદ ૧૧ તા. ૧૬ મી ડીસેમ્બર—૧૭ દિવસમાં રાઈ, હીંગ, ચપડાં લાખ, ઘી, ઘઉં, જવ, મસુર, ગોળ, ખાંડ, ચાંદી, મોતી વગેરેને ભાવ તેજ થાય.

પોષ વદ ૩૦ તા. ૨૦ મી ડીસેમ્બર—ધાન્યની મંદી થાય. ૮ ઘડી સુધી જ્યેષ્ઠા અને પછી મૂળ નક્ષત્ર હોવાથી આગળ વરસાદમાં ધાન્ય પહેલાં તેજ થઇને પછી મંદી રહે. આ દિવસે વાદળાં, વરસાદ, વીજળી વગેરે થાય તો આવતું વરસ સારૂં થાય. વિશાખાનો શુક્ર હોવાથી ૧૨ દિવસમાં જગતમાં સુખ અને રૂની કાંઇક મંદી થાય.

પોષ સુદ ૨ તા. ૨૨ મી ડીસેમ્બર—અફીણમાં રૂ. ૫૦–૧૦૦ ની તેજી થાય. ધાન્યમાં વધઘટ થઇને મંદી થાય.

પોષ સુદ ૭ તા. ૨૭ મી ડીસેમ્બર—વૃશ્ચિકનો બુધ હોવાથી વ્યાપારની વસ્તુઓમાં વધઘટ બહુ થાય.

પોષ સુદ ૮ તા. ૨૮ મી ડીસેમ્બર—૩ દિવસ પછી રૂ તથા અફીણની મંદી થાય. બુધનો ઉદય થવાથી ૫ દિવસ રૂની મંદી થઇને પછી થોડી તેજી થાય. બુધનો અસ્ત થવાથી જે વસ્તુઓની મંદી થઇ હતી તેની તેજી થાય અને જેની તેજી થઇ હતી તેની

મંદી થાય. પૂર્વાષાઢાનો રવિ હોવાથી ૧૫ દિવસમાં નાળીયેર, સોપારી, જાયફળ વગેરે ફળોનો ભાવ તેજ થાય.

પોષ સુદ ૯ તા. ૨૯ મી ડીસેમ્બર—વૃશ્ચિકનો શુક્ર હોવાથી ૨૫ દિવસમાં સર્વ પ્રકારનાં ધાન્યની તેજી, રૂની કાંઇક તેજી અને જગતમાં સર્વ પ્રકારનું સુખ થાય.

પોષ સુદ ૧૨ તા. ૧ લી જાન્યુઆરી સને ૧૯૧૨—ગોળ, ખાંડ, ઘી, અફીણુ વગેરેની મંદી અને ધાન્યની કાંઇક તેજી થાય. અનુરાધાનો શુક્ર હોવાથી ૧૨ દિવસમાં ચોપગાં પશુઓને સુખ તથા ભાવ તેજ થાય.

પોષ સુદ ૧૩ તા. ૨ જી જાન્યુઆરી—૧૭ દિવસમાં તુવેર, મઠ, ચણા, રાઇ, મેથી, સવા, જીરૂં, ચપડા લાખ, ગુળી, તલ, તેલ, અળસી, સરસવ, એરંડી, સાજીખાર, કસ્તુરી, ચાંદી, સીસું, મોતી, કપાસ, રૂ, સણ વગેરેનો ભાવ મંદો થાય.

માહ માસ.

આ માસમાં પાંચ શુક્રવાર છે તે શુભ છે. ચાંદી તથા રૂમાં વધઘટ થાય.

માહ વદ ૧ તા. ૫ મી જાન્યુઆરી—ધનનો બુધ હોવાથી ૨૭ દિવસમાં વ્યાપારીઓને વિશેષ લાભ થાય.

માહ વદ ૨ તા. ૬ ઠી જાન્યુઆરી—ત્રણ દિવસ પછી અફીણની મંદી થાય. રૂ તથા ચાંદી કાંઇક તેજ થાય.

માહ વદ ૫-૬ તા. ૯ મી જાન્યુઆરી—આ માસમાં રૂમાં રૂા. ૧૦ ની તેજી અને આખા વર્ષમાં રૂા. ૪૦-૫૦ ની તેજી થાય. અફીણમાં કાંઇક મંદી થાય.

માહ વદ ૭ તા. ૧૦ જાન્યુઆરી—૬૦ બા૦ નો સૂર્ય

હોવાથી ૧૫ દિવસમાં અળસી તથા એરંડાની ખેતીને હાનિ અને ચપડા લાખ તથા તમાકુ તેજ થાય.

માહ વદ ૯ તા. ૧૨ જાન્યુઆરી—જ્યેષ્ઠાનો શુક્ર હોવાથી ૧૨ દિવસમાં ચોર તથા અગ્નિનો ઉપદ્રવ અને વરસાદનો અવરોધ થાય. બે માસમાં ઘઉં, જવ, ચણા, તલ, તેલ, એરંડી, હીંગ, લાલ મરચાં, જીરૂં, ગોળ, મોતી, ત્રાંબું, વગેરેનો ભાવ તેજ થાય, રૂ માં વધઘટ થાય અને રાળ, રેશમ વગેરેની પહેલાં કાંઈક તેજી તથા પછી મંદી થાય.

માહ વદ ૧૦ તા ૧૩ મી જાન્યુઆરી—મકરનો સૂર્ય હોવાથી એક માસમાં ઘી, તેલ, ગોળ, આદિ તેજ, ધાન્યનો ભાવ સાધારણ અને વ્યાપારમાં બહુ ફેરફાર થાય, જેથી કેટલાકને લાભ અને કેટલાકને હાનિ થાય. કાળી વસ્તુમાં વધઘટ થાય, ધાતુ તેજ થાય અને ધાન્ય બહુ તેજ થાય. તેનું વિશેષ ફળ ૧૯૬૯ ના વર્ષાકાળમાં થશે. કપાસ, રૂ, કાપડની મંદી અને જગતમાં સુખ થાય. રાક્ષસ ચાંડાલ જેવા નીચ જાતીનાં માણુસોને સુખ થાય.

માહ વદ ૧૩ તા. ૧૭ મી જાન્યુઆરી—વૃષનો મંગળ હોવાથી આ વર્ષના અન્ત સુધી ઘઉં, જવ, ચણા, ચોખા વગેરે સર્વ ધાન્ય, ચંદન, કેસર વગેરે સુગંધી, કપાસ, રૂ, સૂતર, કાપડ વગેરે અને સણુ, રેશમ વગેરે તેજ થાય. અફીણની મંદી અને મીલના શેરોના ભાવમાં વધઘટ થાય.

માહ વદ ૩૦) તા. ૧૯ મી જાન્યુઆરી—પૂ૦ ષા૦ નો બુધ હોવાથી ૧૦ દિવસમાં ધાન્યમાં કાંઈક વધઘટ, રોગોનો ઉપદ્રવ, વાદળાં વગેરે અધિક અને આગળ ઉષ્ણ કાળમાં પણ કોઇ કોઇ સ્થળે વરસાદ થશે. ૨૨ દિવસમાં હાથી, ઘોડા, ઉંટ, ગાય, ભેંશ, ગધેડા, ખચ્ચર આદિ પશુ, પીપળીમૂળ, સીંઘોડાં વગેરે સર્વ કંદ, નાળીયેર, સોપારી વગેરે સર્વ ફળ ઈત્યાદિ વસ્તુઓની વૃદ્ધિ અને ભાવ પણ મંદા થાય.

માહ સુદ ૨ તા. ૨૨ મી જાન્યુઆરી—આ પખવાડીયામાં અફીણમાં મંદી થાય.

માહ સુદ ૪ તા. ૨૩ મી જાન્યુઆરી—ધનનો શુક્ર હોવાથી ૨૫ દિવસમાં ખેતીને હાનિ, ધાન્યનો ભાવ તેજ અને રૂમાં કાંઈ વધઘટ તથા માણેકજી પીટીટના શેરોની તેજી ચાલવા લાગે. શ્રવણનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં ઘઉંનો ભાવ તેજ થાય.

માહ સુદ ૫ તા. ૨૪ મી જાન્યુઆરી—આ દિવસે વરસાદ થાય તો આગળ ભાદ્રપદમાં વદસાદની તાણ પડે.

માહ સુદ ૬ તા. ૨૫ મી જાન્યુઆરી—આ દિવસે ગાજવીજ થાય તો આગળ રૂની મંદી રહે, અને ગાજવીજ કાંઈ થાય નહિ તો રૂની તેજી થાય.

માહ સુદ ૧૦ તા. ૨૯ મી જાન્યુઆરી—ઉ. ષા. નો બુધ હોવાથી ૮ દિવસમાં ખેતીની કાંઇક સારી આશા રહે અને બાળકોને પીડા થાય.

માહ સુદ ૧૨ તા. ૩૧ મી જાન્યુઆરી—મકર તથા કુંભનો બુધ હોવાથી ૩૫ દિવસમાં ક્યાંક તેજી અને ક્યાંક મંદી ચાલે જેથી કેટલાકને લાભ અને કેટલાકને હાનિ થાય.

માહ સુદ ૧૩ તા. ૧ લી ફેબ્રુઆરી—બુધનો અસ્ત થવાથી ૩ દિવસ પછી અફીણ, ગોળ વગેરેની મંદી અને ૩૦ દિવસમાં રૂમાં રૂા. ૧૦–૧૫ ની વધઘટ થાય એટલે શરૂઆતમાં તેજી, વચમાં મંદી અને છેવટે પાછી તેજી થાય અને પીટીટના શેર મંદા થઇને ફરી પાછા તેજ થાય.

માહ સુદ ૧૪–૧૫ તા. ૨ જી ફેબ્રુઆરી—૩ દિવસ પછી અફીણની મંદી થાય અને ધાન્યની કાંઇક તેજી થાય.

ફાગણ માસ.

આ માસમાં પાંચ શનિવાર તથા પાંચ રવિવાર હોવાથી ચાંદીમાં વધારે વધઘટ થાય અને અમેરિકા વગેરે દેશમાં કોઈ વસ્તુમાં વધારે ફેરફાર થાય.

ફાગણ વદ ૧ તા. ૩ જી ફેબ્રુઆરી—પૂ. ષા. નો શુક્ર હોવાથી ૧૨ દિવસમાં રોગાદિનો ઉપદ્રવ થાય.

ફાગણ વદ ૩ તા. ૫ મી ફેબ્રુઆરી—ધનિષ્ઠાનો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં બજારમાં નાણાંભીડ ચાલે જેથી વ્યાજનો દર વધે.

ફાગણ વદ ૪ તા. ૬ ઠી ફેબ્રુઆરી—શ્રવણનો બુધ હોવાથી ૮ દિવસમાં ગોળ, અળશી, ચણા વગેરેનો ભાવ તેજ અને તેની ખેતીને હીમ પડવાથી નુકસાન થાય.

ફાગણ વદ ૭ તા. ૯ મી ફેબ્રુઆરી—૨ માસમાં ચાંદી, તાંબુ, પીત્તળ વગેરે ધાતુ, મોતી વગેરે રત્ન તથા સર્વ પ્રકારનું કરિયાણું તેજ થાય.

ફાગણ વદ ૧૧ તા. ૧૩ મી ફેબ્રુઆરી ધનિષ્ઠાનો બુધ હોવાથી ૮ દિવસમાં ગાયોને પીડા થાય. ઘી દુધનો ભાવ તેજ થાય.

ફાગણવદ ૧૩ તા. ૧૫ મી ફેબ્રુઆરી—રોહિણીનો મંગળ હોવાથી ૧૩ દિવસમાં કપાસ, રૂ, સૂતર, કાપડ વગેરેનો ભાવ તેજ તથા કૂતરાં વગેરે જાનવરોને રોગ થાય.

ફાગણ સુદ ૧ તા. ૧૯ મી ફેબ્રુઆરી—આ પખવાડીઆમાં અફીણમાં રૂ. ૧૦૦ ની તેજી અને ધાન્યની કાંઈક તેજી થાય.

ફાગણ સુદ ૭–૮ તા. ૨૫ મી ફેબ્રુઆરી—૫ દિવસ પછી એક વાર અફીણમાં થોડી મંદી થાય. તે વખતે ધાન્ય ખરીદવાથી ૨–૩ માસમાં અવશ્ય લાભ થાય. શ્રવણનો શુક્ર હોવાથી ૧૩ દિવસમાં ઘઉંની મંદી અને ચોપગાં પશુઓને પીડા થાય.

ફાગણ સુદ ૧૩ તા. ૧ લી માર્ચ—બુધનો ઉદય થવાથી પાંચ દિવસમાં અફીણમાં કાંઇક મંદી, રૂમાં કાંઇક તેજી થઇને મંદી અને ચાંદી તથા શેરમાં કાંઇક તેજી થાય.

ફાગણ સુદ ૧૪ તા. ૨ જી માર્ચ—આ દિવસે પાછલી રાત્રે હોળી પ્રકટ કરવાનું મુહુર્ત છે. ધાન્યના વ્યાપારીઓને લાભ થાય.

ફાગણ સુદ ૧૫ તા. ૩ જી માર્ચ—પૂ૦ ભા૦ નો સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં ધાન્યના પાકને કાંઈક હાનિ થાય.

ચૈત્ર માસ—કૃષ્ણ પક્ષ.

ચૈત્ર વદ ૨ તા. ૫ મી માર્ચ—મીનનો બુધ હોવાથી અફીણમાં તેજી, ચાંદીમાં મંદી અને હાથી વગેરે જંગલી પશુઓની હાનિ થાય.

ચૈત્ર વદ ૪ તા. ૭ મી માર્ચ—ધનિષ્ઠાનો શુક્ર હોવાથી ચાંદીની મંદી, પ્રોમીસરી નોટોમાં વધઘટ થાય, ઉ૦ ભા૦ નો બુધ હોવાથી પશુ પક્ષીઓને આનંદ રહે.

ચૈત્ર વદ ૭ તા. ૧૦ મી માર્ચ—તલ, તેલ, કથીર, શંખ, છીપ, તજ, તમાલપત્ર વગેરે તેજ થાય.

ચૈત્ર વદ ૯ તા. ૧૨ મી માર્ચ—કુંભનો શુક્ર હોવાથી ધાન્યાદિની વૃદ્ધિ થાય, ભાવ મંદા રહે તેથી ખરીદવાથી આગળ લાભ થાય અને લોકોને આનંદ રહે.

ચૈત્ર વદ ૧૦ તા. ૧૩ મી માર્ચ—મીનનો સૂર્ય હોવાથી એક માસમાં ક્યાંક ધાન્યની વૃદ્ધિ અને ક્યાંક હાનિ થાય તથા ભાવ પણ એવાજ ક્યાંક તેજ અને ક્યાંક મંદ રહે. રૂમાં વધઘટ થઇને ભાવ સ્થિર થઈ જાય. સંચળ, રાઇ, હીંગ, લાલ મરચાં, મેથી, ચપડા લાખ, ખાંડ, ગોળ વગેરેનો ભાવ મંદ રહે.

ચૈત્ર વદ ૧૨ તા. ૧૫ મી માર્ચ—મૃગશિરનો મંગળ હોવાથી રૂની ખપત વધારે જેથી બાલાંસ ઓછી અને ધાન્યનો

ભાવ મંદા થાય. રેવતીનો બુધ હોવાથી કેસર આદિનો ભાવ તેજ થાય.

ચૈત્ર વદ ૩૦) તા. ૧૮ મી માર્ચ—સુધીમાં રૂ. ૨–૩ ની અને રૂ. ૧૦–૧૫ ની કાંતો તેજી અને કાંતો મંદી પણ વધઘટ થાય. આ ફળ ૧૫ દિવસ પહેલાં અને પંદર દિવસ પછી સુધીમાં મળે.

સંવત્ ૧૯૬૮ ના ભવિષ્યફળનો સંક્ષિપ્ત સાર.

આ વર્ષે રાજા ગુરૂ, મંત્રી પણ ગુરૂ, પશ્ચિમ ધાન્યેશ શુક્ર, મેઘેશ બુધ, ફલેશ પણ બુધ, વર્ષનું નામ વૈશાખ, આરખ ૩, સ્થંભ ૪ અને તુલાનો ગુરૂ ઇત્યાદિ શુભ યોગ બન્યા છે જેથી વર્ષાદ શ્રેષ્ઠ, ખેતીની વૃદ્ધિ, વૃક્ષોનાં ફળ અધિક, ધાન્યના ભાવ સાધારણ, શ્રેષ્ઠ અને રાજા પ્રજામાં આનંદ તથા પ્રેમ વધે. તે સાથે કેટલાક અશુભ યોગો પણ છે જેથી વરસાદ અનિયમિત, ખેતીને હાનિ, ધાન્યની તાણુ અને કોઇ ખંડમાં દુકાળ, યુદ્ધ, મારામારી, અગ્નિ, ચોર વગેરેનો ઉપદ્રવ થાય. પરન્તુ ગયા ૬૭ ના શીયાળામાં થએલાં વાદળાંથી તથા કેટલાક શુભ યોગોથી આ અશુભ યોગોની અસર થોડી થવા પામશે. એ રીતે વર્ષ સાધારણ સારૂં થશે.

વરસાદની નિયમિતતાનો યોગ નથી. કોઈ સ્થળે તાણુ પડે તો કોઇ સ્થળે અતિવૃષ્ટિ થાય, અને તેથી પાક બગડે. ચોમાસાની શરૂઆતમાં વરસાદ ઠીક થશે પણ પાછળથી બગડશે. વરસાદ અષાડ માસમાં શરૂ થશે. વરસાદનો યોગ વિષમ છે પણ શિયાળામાં થએલાં વાદળાંથી પાણીની તાણુ પડશે નહિ.

ધાન્યમાં ઘટવધ વધારે પ્રમાણમાં થાય એવા યોગ પડયા છે. શરૂઆતમાં થોડી તેજી થઇને પછી મંદી થશે. આ ખરીદવાથી લાભ થાય.

અફીણને માટે શનિ રાહુ એકત્ર થવાથી માળવામાં એક પેટી પર રૂ. ૭૨૦ તેજી થાય છે અને પહેલાં થયા પણ હતા. આવો યોગ ગયે વર્ષે બન્યો હતો પણ તે વખતે અફીણમાં એટલી તેજી

થવાનો કોઇને ભરોસો નહોતો, છતાં ઘણા વ્યાપારીઓએ પેદા કર્યું હતું. આ વર્ષે શનિ અને રાહુની સાથે મંગળ પણ આવે છે. જેથી મેષ રાશિપર ત્રણ ક્રૂર ગ્રહ એકત્ર થાય છે. એની પણ અસર માળવા તથા આવરેજના અફીણપર થયા વિના નહિ રહે.

રૂના સંબંધમાં ગયા વર્ષનો અનુભવ વિચિત્ર મળ્યો છે. આ વર્ષે એવા યોગ છે કે ઘટવધ થઇને મંદી થાય અને પછી વરસાદની રૂતુના અંતમાં તેજી રહે. વૃશ્ચિક રાશિપર બૃહસ્પતિ ભાદ્રપદમાં આવે છે. એ યોગ પહેલાં બહુ તેજી કરીને પછી મંદી કરે છે એવો યોગ સં. ૧૯૫૬ માં આવ્યો હતો ત્યારે તેનું ફળ બરાબર મળ્યું હતું. આ વર્ષે રૂનું બજાર મોટા હીલોળાવાળું રહેવાનો સંભવ છે અને કેટલાક ગૃહો એવા છે કે જો તેની અસર રૂ ઉપરજ થવા પાગી તો પછી તેની તેજીનું પણ માપ નહિ રહે. આ કારણથી વેપારીઓએ બજારની હાલતપર ધ્યાન રાખીને કામ કરવું.

સણ, સૂતર, રેશમ અને ઉન ઉપર પણ તેજીનો યોગ છે પણ વચમાં મંદીના યોગો પણ છે જેથી વધઘટ થઇને તેજીની અસર રહેશે.

મીલોના શેરોમાં વધઘટ થશે અને કોઇ વ્યાપારીઓને નુકસાનની ફીકર તથા કોઇને લાભ મળવાની આશા રહેશે. રાજા પ્રજામાં પ્રેમ ભાવ વધશે જેની ખુશીથી આનંદ ઉત્સવ વધારે થશે.

જ્યોતિષ જોતાં તો આ વર્ષની આ પ્રમાણે સ્થિતિ થાય; પછી તો જે ઇશ્વર કરે તે ખરૂં; કારણ કેઃ—

तत्वं चात्रेश्वरो वेत्ति नाहं वेद्मिकदाचन ॥
येजल्पन्ति नित्यं ग्रहचारेणसुस्फुटम् ॥
तेषायं विमलं कीर्ति न जायन्ते महीतले ॥

સમાપ્ત.

ચૈત્રી સંવત્

૧૯૬૯નું ભવિષ્યફળ.

આ વર્ષે આ ભવિષ્યફળ અમે ધારવા કરતાં મે બહાર પાડી શક્યા છીએ પરન્તુ આવતે વર્ષે સંવત્ ૧૯ નું ભવિષ્યફળ વહેલું બહાર પાડવામાં આવશે. કારણ કે ૧૮૬૯ માં અગણોતેરો દુકાળ પડેલો એટલે ૧૯૬૯ ના વર્ષને માટે પણ તેવી ચિંતા કેટલાકો તરફથી રાખવામાં આવે છે, જેઓને નવા વર્ષ માટે ભવિષ્યફળ જોઇતું હોય તેમણે અમને ૧૯૧૨ ના જાન્યુઆરી માસમાં લખી જણાવવું.